જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૬/૦૪/૨૦૨૧ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૬૨૪/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૫/૦૪/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૩૪૩	૨	૧૧૩૪૫	૧૭૪૬૩	૨	૧૭૪૬૫
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૫	૦	૪૭૦૫	૬૨૨૮	૦	૬૨૨૮
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૭૫	૦	૭૫	૨૮૭	૦	૨૮૭
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૩૧૯૫૯	૨૩૬	૩૨૧૯૫	૩૩૩૪૫	૨૪૦	૩૩૫૮૫
કુલ		૪૮૦૮૨	૨૩૮	૪૮૩૨૦	૫૭૩૨૩	૨૪૨	૫૭૫૬૫

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૭૪	૯,૨૨,૪૫૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૪૮૫	૧૪,૮૫,૦૦૦/-

વાહન ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

નારોલ પોલીસ સ્ટેશન

ચોરીના ગુનાનો ભેદ ઉકેલી બે આરોપીઓને પકડી વાહન ચોરીનો અનડીટેકટ ગુનો શોધી કાઢતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "કે" ડિવીઝન સાહેબ નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પોલીસ ઈન્સપેકટર એસ.એ.ગોહિલ સાહેબ નાઓએ આપેલ સુચના આધારે મિલ્કત સબંધી ગુનાઓ શોધવા તેમજ અટકાવવા સારૂ સર્વેલન્સ સ્કોર્ડ પો.સ.ઈ.ટી.કે.દેવમુરારી સાહેબ તથા પો.સ.ઈ. એ.જી.બ્રિદ સાહેબ તથા એ.એસ.આઈ.બ્રિજરાજસિંહ દિલીપસિંહ બ.નં.૧૩૫૪૮ તથા પો.કો. ધર્મવિજયરાજસિંહ મેઘરાજસિંહ બ.નં.૫૯૧૮ તથા પો.કો.જગમાલભાઈ વાલાભાઈ બ.નં.૬૧૯૩ તથા પો.કો.ઈન્દ્રજીતસિંહ પરબતસિંહ બ.નં.૯૯૫૮ તથા અ.લો.૨.હરદીપસિંહ વિજયસિંહ બ.નં.૧૧૮૭ તથા બીજા સ્ટાફના માણસો સાથે પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન વટવા ટર્નીંગ બ્રીજ પાસે આવતા સાથેના એ.એસ.આઈ.બ્રિજરાજસિંહ દિલીપસિંહ નાઓને બાતમી હકીકત મળેલ કે "એક ઓટોરિક્ષા નં જીજે-૦૧-ટીઈ-૧૭૪૨ નો ચાલક તથા તેની સાથેનો ઈસમ કોઈ જગ્યાએથી ઓટોરિક્ષા ચોરી અગર તો છળકપટથી મેળવી લઈ વટવા સદાની ધાબી તરફથી ચલાવી લાવી અત્રેથી દાણીલીમડા તરફ જવાનો છે "જે બાતમી હકીકત આધારે વોચમાં રહી આરોપીઓ (૧)મહંમદઅકરમ સુફીયાન જાતે કુરેશી ઉ.વ.૩૨ ધંધો-રિક્ષાડ્રાઈવિંગ રહે-મ.નં.૮૭ અલમીના સોસાયટી અલકુબા સોસાયટીની પાછળ વટવા કેનાલ રોડ વટવા અમદાવાદ શહેર તથા (૨)અબ્દુલરહેમાન ઉર્ફે સલમાન હુસેનભાઈ જાતે કુરેશી ઉ.વ.૨૩ ધંધો-રિક્ષાડ્રાઈવિંગ રહે-મ.નં.ઈA૭ ગોલ્ડન પાર્ક અલીફનગરની બાજુમાં નારોલ અમદાવાદ શહેરનાઓને પકડી ઓટોરિક્ષા બાબતે પુછપરછ કરતા કોઇ આધાર પુરાવા રજુ કરેલ નહી અને ગલ્લા તલ્લા કરતા સદરી આરોપીઓને સી.આર.પી.સી.કલમ ૪૧(૧)(ડી' મુજબ અટક કરી યુક્તિ પ્રયુક્તિથી વધુ પુછપરછ કરતા આરોપીઓએ નારોલ પોલીસ સ્ટેશન પાર્ટ – એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૬૨૧૦૧૭૨/૨૦૨૧ ધી ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબના ગુનામાં ચોરીએ ગયેલ એકટીવા નં GJ-27-DF-1590 કિ.રૂ.૪૦૦૦૦/-ની મત્તાનુ ચોરી કરેલ હોવાની કબુલાત કરતા બંન્ને આરોપીઓને અટક કરી વાહનચોરીનો અનડીટેકટ ગુનો શોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ છે.





ચીલ ઝડપના ગુનાના આરોપીની અટકાયતની વિગત

રાણીપ પોલીસ સ્ટેશન

ચીલ ઝડપના આરોપી તથા કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકોને મુદ્દામાલ સાથે ગણતરીના દિવસોમાં પકડી પાડતી સર્વેલન્સ સ્કોડ રાણીપ પોલીસ

મે પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે સંયુક્ત પોલીસ કમિશ્નર સાહેબશ્રી સેક્ટર-૦૧ અમદાવાદ શહેર તથા મે ના પોલીસ કમિશ્નર સાહેબશ્રી ઝોન-૦૨ કારંજ ભવન અમદાવાદ શહેર તથા મે મ પો કમિ સાશ્રી 'એલ' ડિવિઝન અમદાવાદ શહેર નાઓ તમામ ઉપરી અધિકારી શ્રીઓની જરૂરી સુચના તથા માર્ગદર્શન હેઠળ મિલકત સબંધી ગુનાઓ બનતા અટકાવવા તથા બનેલ ગુનાઓ શોધી કાઢવા સારૂ પોલીસ ઇન્સપેક્ટર જે.બી.ખાંભલા રાણીપ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર નાઓની સુચના તેમજ સીધા માર્ગદર્શન હેઠળ રાણીપ પોલીસ સ્ટેશન સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ એસ.એસ.ચૌધરી તથા અ.હે.કો પ્રદીપકુમાર થાવરાભાઈ બ.ન ૪૦૮૪ તથા અ.હે.કો દેવકરણભાઈ અજાભાઈ બ.ન ૫૫૫૯ તથા પો.કો દિલીપકુમાર હીરાભાઈ બ.ન ૮૮૧૬ તથા અ.લો.૨ સુંડાભાઈ વિરમભાઇ બ.ન ૧૨૩૧૩ તથા અ.લો.૨ પ્રવીણભાઈ ઈશ્વરભાઈ બ.ન ૧૨૨૯૫ એ રીતેના તમામ સર્વેલન્સ સ્કોડ ના માણસો સાથે રાણીપ પો સ્ટે હદ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન રાણીપ જી.એસ.ટી ફાટક ત્રણ રસ્તા ખાતે આવતા અ.હે.કો પ્રદીપકુમાર થાવરાભાઈ બ.ન ૪૦૮૪ તથા અ.લો.૨ સુંડાભાઈ વિરમભાઇ બ.ન ૧૨૩૧૩ નાઓ બન્નેની ખાનગી રાહે બાતમી હકીકત આધારે આરોપી (૦૧) સાવનનાથ સ/ઓ સમજુનાથ સદાનાથ જાતે મદારી ઉ.વ ૨૦ ધંધો જાદુગર તથા કાયદાના સંઘર્ષમાં આવેલ બે બાળકો પાસેથી ગુનાના કામે ઉપયોગમાં લીધેલ એક ઓટો રીક્ષા તથા મોબાઈલ ફોન નંગ ૦૫/- તથા એક સોનાની ચેન તથા એક સોનાની વીટી મળી તમામની કુલ્લે કિંમત ૧,૬૦,૪૫૦/- ની મત્તાનો મુદ્દામાલ તપાસ અર્થે પંચનામાં વિગતે કબજે કરી રાણીપ પો સ્ટે પાર્ટ 'એ' ગુ.ર.ન ૧૧૧૯૧૦૦૨૨૧૦૨૮૯/૨૦૨૧ ધી ઇપીકો કલમ ૩૭૯ (એ) (૩) , ૧૧૪ મુજબ નો સ્થાનિક પોલીસ સ્ટેશનનો ગુનો ગણતરીના દિવસોમાં શોધી કાઢી સારી કામગીરી કરેલ છે આરોપીઓના બીજા અન્ય ગુનાઓ મુદ્દામાલ સહ આરોપીઓ બાબતે કાર્યવાહી હાલમાં ચાલુ છે. તા.૦૬/૦૪/૨૦૨૧

પ્રોહીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન

ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલ/બિયર સાથે રૂ.૩,૨૫,૨૦૦/- મુદ્દામાલ સાથે આરોપીઓને ઝડપી પાડતી સોલા હાઇકોર્ટ પોલીસ

શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ, પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના હુકમથી તથા શ્રી આર.વી.અસારી સાહેબ અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧ તથા શ્રી ડો. રવિન્દ્ર પટેલ સાહેબ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૧ તથા શ્રી મુકેશ પટેલ સાહેબ ઇન્ચાર્જ નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૧ તથા શ્રી એમ.એ.પટેલ સાહેબ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી એ-ડીવીઝન નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટેશન વિસ્તારમાં દારૂ જુગાર જેવી અસામાજીક પ્રવૃતીને સંદતર નેસ્ત નાબુદ કરવા સારૂ હુકમ કરેલ હોય જે આધારે પોલીસ ઇન્સ્પેક્ટર જે.પી.જાડેજા નાઓના સીધા સુપરવિઝન હેઠળ સર્વેલન્સ સ્કોર્ડ પો.સ.ઇ. એમ.જે.હુણ તથા સ્ટાફના માણસોએ બાતમી આધારે ભાડજ ગામથી જમણી બાજુ તરફ સુપર સીટી જવાના રોડ તરફ જાહેર રોડ ઉપર ભારતીય બનાવટના ઇંગ્લીશ દારૂ સાથે બે આરોપીઓને ઝડપી પાડવામાં આવેલ છે.

આરોપીઓ

(૧) ઇશ્વરસિંહ કાનસિંહ રાજપૂત ઉ.વ.૪૦ તથા (૨) જગદિશસિંહ ઉકસિંહ રાજપૂત બન્ને રહે.ગામ.અરણાય તા.સાચોર જી.જાલોદ રાજસ્થાન.

મુદ્દામાલ

ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલ તથા બિયરના ટીન નંગ-૩૧૦ કિ.રૂ.૬૪,૦૦૦/-, મોબાઇલ ફોન નંગ-૨ કિ.રૂ.૧૦,૫૦૦/-, મારૂતી સ્વીફ્ટ ડીઝાયર કાર નં-GJ-01-KV-1036 કિ.રૂ.૨,૫૦,૦૦૦/-, રોકડા રૂ.૭૦૦/- મળી કુલ્લે કિ.રૂ.૩,૨૫,૨૦૦/- ની મત્તાનો.

આ કામગીરીમા સુપરવિઝન જે.પી.જાડેજા સીનીયર પોલીસ ઈન્સ્પેકટર તથા સર્વેલન્સ સ્કોર્ડ પો.સ.ઇ. એમ.જે.હુણ તથા પો.કો. વાલજીભાઇ ભોપાભાઇ, પો.કો.રાહુલભાઇ રમેશભાઇ, લોકરક્ષક માધુભાઇ પોલાભાઇ, લોકરક્ષક નરેન્દ્રસિંહ વિક્રમસિંહ તથા સ્ટાફના માણસો સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશનના જોડાયેલા હતા.

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૬૨૫/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૪ કેસ કરી, ૩૩ વ્યક્તિઓને ઝડપી, ૧૨૨ લીટર દેશી દારૂ, ૧૭૪ બોટલ ઇંગ્લીશ દારૂ, ૫૫ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૧૨૬ બિયર ટીન અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી, ૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૬૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૬૨૬/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૯૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી મુજબ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૬૨૭/૨૦૨૧**

નવરંગપુરાઃ જોનસન સ/ઓ મેથ્યુ (ઉ.વ.૫૨) (રહે. કાલા ગાર્ડનીયા સફલ પરીસર-૧ ની બાજુમાં સાઉથ બોપલ) એ તા.૦૫/૦૪/૨૦૨૧ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૦૬/૨૦૧૩ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આઈ.આર.એમ.પ્રા.લી. ઠે.આઈ.આર.એમ.હાઉસ કલ્પના સોસાયટી સરદાર પટેલ સેવા સમાજ નવરંગપુરા ખાતે આરોપી (૧) બિશ્વરુપ ભોમીક (રહે. પી.એચ.નગર બેલઘરીયાનગર કોલકતા અને (૨) પરવેશ કૌશલ જાહ (રહે. પ્રમુખ સ્વામિનગર સોસાયટી વાળીનાથ ચોકની બાજુમાં આઈ.ઓ.સી.રોડ ચાંદખેડા) એ ભેગા મળી જોનસન મેથ્યુની કંપનીમા આવેલ કસ્ટમરના ભારતીય રૂપિયા ફોરેન કરન્સીમા એક્ષચેન્જ કરીને આપેલ રૂપિયા તેમજ આરોપી પરવેશ જાહ નાઓએ જોનસન મેથ્યુની કંપનીમાંથી લીધેલ કસ્ટમરના એર ટીકીટના રૂપિયા જોનસન મેથ્યુની કંપનીમાં કુલ રૂપિયા ૨૩,૯૯,૯૨૭/- જમા નહી કરાવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.જે.ચુડાસમા ચલાવે છે.

ઘરફોડઃ- **સમાચાર યાદી નં.૬૨૮/૨૦૨૧**

ગુજરાત યુનિવર્સિટીઃ હનુમાનપ્રસાદ સાહબપ્રસાદ પાલ (રહે. રામેશ્વર એપાર્ટમેન્ટ સરલ રેસીડેન્ડ સામે ન્યુ સી.જી.રોડ ચાંદખેડા) એ ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૪/૦૪/૨૦૨૧ રાતના ૯/૦૦ થી તા.૦૫/૦૪/૨૦૨૧ કલાક ૭/૦૦ વાગ્યા દરમ્યાન નવરંગપુરા વિજય ચાર રસ્તા પાસે જી/૧૨ ધારા કોમ્પ્લેક્ષ ખાતે આવેલ પોતાના સુનિલ પાન હાઉસ નામની દુકાન દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી સીગારેટના જુદી-જુદી કંપનીના પેકેટો તેમજ તમાકુંના પેકેટ મળી કિમત રૂપિયા ૩૬,૦૦૦/-અને ગલ્લામાંથી રોકડ રૂપિયા ૫૦૦૦/- તથા હાર્ડ ડીસ્ક કિમત રૂપિયા ૫૦૦/- અને ડી.વી.આર. કિમત રૂપિયા ૧૦૦૦/- મળી કુલ રૂપિયા ૪૨,૫૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.કે.ચૌધરી ચલાવે છે.

શહેરકોટડાઃ કમલાબહેન ડો/ઓ બાબુભાઈ રાઠોડ (રહે. કર્મશ્રેષ્ઠ ટાવર સેટેલાઇટ) એ તા.૦૫/૦૪/૨૦૨૧ ના રોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે છેલ્લા એક વર્ષથી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન અશોકમીલની જુની ચાલી અંબાજી માતાના મંદીરની લાઈનમા આવેલ પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી ચાંદીની મુર્તીઓ તેમજ તાંબા-પીત્તળ અને કાંસાના વાસણો મળી કિમત રૂપિયા ૬૫,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.પી.ચૌધરી ચલાવે છે.

વેજલપુરઃ જમાલખાન હુસેનખાન પઠાણ (રહે.પ્લોટ નં.૧૩૪/૬૨ રોનકપાર્ક સોસાયટી અસરફનગરની બાજુમા એ.પી.એમ.સી માર્કેટ પાછળ જુહાપુરા) એ તા.૦૫/૦૪/૨૦૨૧ ના રોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૨/૦૪/૨૦૨૧ બપોરના ૩/૦૦ થી તા.૦૫/૦૪/૨૦૨૧ બપોરના ૪/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી ઘરમાંથી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૬,૩૧,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એલ.ડી.ઓડેદરા ચલાવે છે.

<u>આત્મહત્યાઃ-</u> **<u>સમાચાર યાદી નં.૬૨૯/૨૦૨૧</u>**

એલીસબ્રીજઃ એલીસબ્રીજ હોપ ન્યુરો કેર હોસ્પિટલની બાજુમાં સરકારી મહીલા છાત્રાલયમાં રહેતા પલ્લવીબહેન મુકેશભાઇ પંડ્યા (ઉ.વ.૧૮) (મુળ વતન. ગણપતિ ફાટસર કડુ પાર્ક પાછળ વઢવાણ સુરેન્દ્રનગર) એ અગમ્ય કારણસર તા.૦૫/૦૪/૨૦૨૧ બપોરના ૧/૧૫ વાગ્યાના સુમારે છાત્રાલયના “સી” બ્લોકના રૂમ નંબર-૫૯ ખાતે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે એલીસબ્રીજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.બી.વિહોલ ચલાવે છે.

વેજલપુરઃ મોહમદ ઇમરાન સ/ઓ હનીફભાઇ કુરેશી (ઉ.વ.૨૬) (રહે. સંકલીતનગર પંમ્પીગ સ્ટેશન પાસે જુહાપુરા) એ બીમારી કંટાળી તા.૨૨/૦૩/૨૦૨૧ સાજના ૬/૦૦ વાગ્યાના સુમારે રહેણાંક નજીક એસીડ પી લીધુ હતુ. સારવાર માટે તેમને ફેઇથ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૫/૦૪/૨૦૨૧ બપોરના ૨/૪૫ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો શ્રી વિક્રમભાઇ રામજીભાઇ ચલાવે છે.

શાહીબાગઃ હિરાજી વશાજી ઠાકોર (ઉ.વ.૬૦) (રહે. ભાઇચંદપુરા પોપટલાલની ચાલી શાહીબાગ) એ અગમ્ય કારણસર તા.૦૫/૦૪/૨૦૨૧ સાજના ૬/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે એસીડ પી લીધુ હતુ. સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે શાહીબાગ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.પી.ડાભી ચલાવે છે.

બાપુનગરઃ આશિષભાઇ પ્રદિપભાઇ ખોબરાગડે (ઉ.વ.૩૩) (રહે.સૌરાષ્ટ્ર પટેલ સોસાયટી હરીભાઇ ફાફડાવાળા પાછળ બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૦૪/૦૪/૨૦૨૧ રાતના ૧૧/૦૦ થી તા.૦૫/૦૪/૨૦૨૧ સવારના ૬/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના રહેણાંક ખાતે રૂમના છતમાં લગાવેલ હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કમલેશકુમાર જગદીશપ્રસાદ ચલાવે છે.

અમરાઇવાડીઃ હેતલબહેન હીરલભાઇ પટેલ (ઉ.વ.૩૫) (રહે. બ્લોક નં ૨૫/૫૧૦ શિવાનંદનગર બાપાસિતારામ મંઢુલી પાસે અમરાઇવાડી) એ અગમ્ય કારણસર તા.૦૪/૦૪/૨૦૨૧ રાતના ૧૧/૩૦ થી તા.૦૫/૦૪/૨૦૨૧ સવારના ૬/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એન.એમ.બારોટ ચલાવે છે.

દાણીલીમડાઃ મનતશા ડો/ઓ કામીલહુસેન અંસારી (ઉ.વ.૨૨) (રહે. ગલી નં-૧૦ મકાન નં.L/૧૪૩ જીતુભગત કમ્પાઉન્ડ દાણીલીમડા) એ અગમ્ય કારણસર તા.૦૫/૦૪/૨૦૨૧ સવારના ૧૦/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.જે.ચુડાસમા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી